## ડૉ. અનીલ શેઠ્ઠીનું વ્યાખ્યાન શનિવારે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર રોટરી ક્લબ અને ગેઝીયા દ્વારા આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકર ડૉ. અનીલ શેઠ્ઠીના વ્યાખ્યાનનું આયોજન આગામી તા. ૨૫મી જુલાઈના રોજ સાંજે ૭.૩૦ થી ૯ કલાક દરમ્યાન ગેઝીયા 'ઓડીટોરીયમ, જીઆઈડીસી, સેક્ટર-૨૬ ખાતે કરવામાં આવ્યું છે. રોટરી ક્લબ અને ગેઝીયાના સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શ્રી એચ.એમ. પટેલે નિમંત્રણ પાઠવ્યું છે.

## પ.પૂ. રાજર્ષિ મુનિશ્રી ૨૭મીએ ગાંધીનગર પધારશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી કચ્છ-કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ દ્વારા તા. ૨૭મી જુલાઈના રોજ ભગવાન લકુલીશ પરિવારના ચતુર્થ કુલગુરૂ પ.પૂ. રાજર્ષિ મુનિશ્રી ગાંધીનગરમાં પધારવાના છે. આ પ્રસંગે મંત્રદિક્ષાનો પણ કાર્યક્રમ રાખેલ છે. મંત્રદિક્ષા લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ સમાજના કાર્યાલયનો સંપર્ક સાધવો. તેમજ રાજપૂત પરિવારોને દર્શન આશીર્વચનનો લાભ લેવા જણાવેલ છે. શ્રી કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર, બ્લોક નં. ૧૪૬/૪, સેક્ટર-૧૭નો સંપર્ક નંબર ૨૩૨-૨૬૪૪૪ તેમજ ૯૪૨૬૦ ૦૯૫૯૧, ૯૯૨૫૦૪૬૬૦૬ કરવો. શ્રી જશવંતસિંહ ગોહિલે જણાવેલ છે.

## વિકાસશીલ મહિલા સેવા સમાજની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની પાંચમા વર્ષની વાર્ષિક સાધારણ સભા યોજાશે. તા. ૨૫ જુલાઈ શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે મહિલા ટ્રસ્ટ કાર્યાલય પ્લોટ નં. ૧૭૫૭/૨ સેક્ટર-૨-ડી ગાંધીનગર ખાતે સભા રાખવામાં આવી છે. સભામાં તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ગોમતીબેન પરમારે જણાવેલ છે.

## રાજપૂત સમાજ સ્પર્ધાત્મક ક્લાસીસ શરૂ કરશે

ગાંધીનગર, તા. ૨૩

કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા સમાજના વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે સ્પર્ધાત્મક ક્લાસીસની શરૂઆત આગામી દિવસોમાં કરાશે. સેક્ટર-૧૭ બ્લોક નં. ૧૪૬/૪, ચ-ટાઈપ ખાતે શનિવાર અને રવિવાર દરમ્યાન બેઝીક કોર્ષની શરૂઆત કરાશે. ક્લાસનો સમય ૧૦.૦૦ થી ૨.૦૦ સુધીનો રહેશે. જેમાં જિલ્લામાં રહેતા સમાજના તમામ વિદ્યાર્થીઓએને ઉપસ્થિત રહેવા વિનંતી કરેલ છે. તેમજ વધુ માહિતી મેળવવા કાર્યાલયનો ફોન નં. ૦૭૯-૨૩૨-૨૬૪૪૪ તથા રમજુભા જાડેજા - ૯૯૨૫૨ ૧૦૭૦૫, કરણસિંહ બી. વાઘેલા - ૯૮૨૫૩ ૯૩૫૮૩નો સંપર્ક કરવા પ્રમુખ કરણસિંહ વાઘેલાએ જણાવ્યું છે.

## ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૯ની ટીમ હોકી સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૯ની હોકી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છ વિજેતા ખેલાડીઓ ચૌધરી કાજલ, ચૌધરી અંજલિ, પંડયા કિંજલ, ચૌધરી કીર્તી, ગોસ્વામી દેવ્યાની, ચૌધરી દૃષ્ટિ, ચૌધરી ધરતી, ચૌધરી જલ્પા, પાલ પ્રિતી, મકવાણા ઈતિક્ષા, ચૌધરી કાજલ, ચૌધરી પિન્કલ, ચૌધરી આકાંક્ષા, ચૌધરી નીતા, દેસાઈ મુસ્કાન અને ચાવડા જહાન્વી હતા. વ્યાયામ શિક્ષિકા શ્રી સુતરિયા વિનાક્ષીબેન, ચૌધરી લીલાબેન, આચાર્યા શ્રી સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

# લોકરક્ષક દળની લેખિત પરીક્ષાનું આજે પરિણામ

### ૪૬૦૦ ઉમેદવારોને મેરીટ લીસ્ટમાં સમાવેશ કરાશે : કુલ ૪૩૦૦ ઉમેદવારોનો મેરિટ યાદીમાં સમાવેશ કરાય તેવી સંભાવના : પરિણામને લઇને ઉમેદવારો ભારે ઉત્સુક

ગાંધીનગર, તા. ૨૩

લોકરક્ષક દળ (એલઆરડી)ની ભરતી માટે લેવામાં આવેલી લેખીત પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. જેમાં પરીક્ષા આપનાર ઉમેદવારો પૈકી કુલ ૪૩૦૦ ઉમેદવારોનો મેરીટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં ખાલી પડેલ લોકરક્ષક દળ (એલઆરડી)ની ભરતી માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજયભરમાંથી ત્રણ લાખ જેટલા ઉમેદવારોએ ફીઝીકલ ટેસ્ટ આપ્યો હતો. જે પૈકી એક લાખ ઉમેદવારોને લેખીત પરીક્ષા માટે લાયક ઠેરવવામાં આવ્યા હતા. આ ઉમેદવારોની લેખીત જુન-૨૦૧૫માં લેવામાં આવી હતી. જેનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જેમાં લેખીત પરીક્ષા આપનાર એક લાખ ઉમેદવારો પૈકી ૪૩૦૦ ઉમેદવારોનો મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે. જેમનું આગામી સમયમાં મૈખોકી ઈન્ટરવ્યુ યોજાવા બાદ પસંદગી પામેલ ઉમેદવારોની લોકરક્ષક દળમાં ભરતી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, લોકરક્ષક દળની લેખીત પરીક્ષામાં ડોકયુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા સમયે રાજયના અમરેલી અને જુનાગઢ જિલ્લામાં પુરની સ્થિતિ સર્જાઈ હતી. જેનાં પગલે કેટલાક ઉમેદવારો વેરીફિકેશનની છેલ્લી તારીખે પહોંચી ન શકતા ભરતી વિભાગે વેરિફિકેશન પક્રિયામાં વધારાના બે દિવસ આપીને બાકી રહી ગયેલ ઉમેદવારોમાં વેરીફીકેશનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ત્યારે હવે આવતીકાલે જાહેર થનાર લેખીત પરીક્ષાના પરીણામની આતુરતા પૂર્વક રાહ જોવાઈ રહી છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, ગમે તેટલા પૈસા થાય ડોહાને સાજા કરી દો... ચૂંટણી પહેલા...નહીં તો હું ક્યાંક કોર્ટના ધક્કા ખાતો થઈ ન જાઉં...!!



### વિદ્યાર્થીઓને કાનૂની માહિતી અપાઈ

સેક્ટર-૨૮ સ્થિત સરકારી ઈજનેરી કોલેજ ખાતે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. શિબિરમાં એન્ટી રેગીંગ અંગેના કાયદાકીય નિયમો, રેગીંગ પ્રતિબંધના ઉપાયો, કાયદાકીય સજાઓ સહિતની વિદ્યાર્થીઓને માહિતી પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, સીતારામ પટેલ, કોલેજના પ્રિન્સિપાલ એમ.બી. ચૌધરી, પ્રાધ્યાપક વાય.એ. જોશી, એમ. બી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સેક્ટર-૫-એમાં ભવ્ય ચિકિત્સા શિબિર

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પંચમુખી મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી શ્રી શિવશક્તિ મંદિર સેક્ટર-૫-એમાં શ્રી સાંઈકૃપા નેચર ક્યોર એન્ડ મેગ્નેટિક હેલ્થ સેન્ટર દ્વારા ચિકિત્સા શિબિરનું આયોજન કરેલ છે. સેક્ટરવાસીઓ ઉત્સાહથી લાભ લઈ રહ્યા છે. શિબિરમાં ઉપચાર બિલકુલ મફતમાં કરવામાં આવે છે. રજીસ્ટ્રેશન કરાવતી વખતે રૂ. ૫૦ ફી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. શિબિરનું સંચાલન ડૉ. સચીન રામ ટેકરી ટીમ કરી રહી છે. સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી આ વિષય પર માહિતી શુક્રવારે આપવામાં આવશે.

# શિક્ષણ બોર્ડની સભામાં આજે ૪ સમિતિના હોદ્દાદારો નિમાશે

### બોર્ડની વિવિધ સમિતિની મુદત પહેલા પૂર્ણ થઈ ચુકી છે

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સામાન્ય સભા આવતીકાલે બોર્ડની કચેરી ખાતે મળવાની છે. બોર્ડની જુદી જુદી સમિતિની મુદત ગઈકાલે પૂર્ણ થઈ છે. જેના પગલે પરીક્ષા શૈક્ષણિક અને નાણાં સમિતિ મળી ગાર સમિતિના હોદ્દેદારોની ચૂંટણી ચૂંટાયેલા સભ્યોમાંથી થનાર હોય, શિક્ષણ જગતમાં ફરી ગરમાવો આવી ગયેલ છે. શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની ચારેય સમિતિની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરી દેવામાં આવેલ છે. તે મુજબ ફોર્મ તારીખ ૧૦ થી ૧૭ જુલાઈ સુધી ભરવાના હતા. આ ચૂંટણી સમરસ થાય એટલે બોર્ડના મોટા ભાગના સભ્યોએ ચારેય સમિતિના ફોર્મ ભરી ઉમેદવારી વિડ્રોલ કરવાના અધિકારપત્રો સરકારના પ્રતિનિધિને રજૂ કરી આપેલ છે. આમ ચારેય સમિતિના ૨૨ હોદ્દેદારોની પસંદગી સરકાર કરશે.

એટલે કે ચૂંટણી નહી થાય યોગ્ય લાયકાત અને પ્રમાણિકતા ધ્યાને લઈ સિલેકશન થશે. આવતીકાલે સાંજે કોની પસંદગી થઈ તે ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ સમિતિઓ પૈકી કારોબારી સમિતિમાં ચૂંટાયેલા સભ્યો પૈકી ૭ સભ્યો હોય છે. શિક્ષણ બોર્ડના મહત્વના નિર્ણયો કારોબારી સમિતિમાં લેવામાં આવતા હોય મહત્વની એવી આ સમિતિમાં સ્થાન મેળવવા માટે અનેક સભ્યો મેદાનમાં આવી ગયા છે. પરીક્ષા સમિતિમાં ચૂંટાયેલા સભ્યો પૈકી ૬ સભ્યો હોય છે. જ્યારે શૈક્ષણિક સમિતિમાં ૫ સભ્યો હોય છે. નાણાં સમિતિમાં ૪ સભ્યો હોય છે આગામી તારીખ ૨૪ના બોર્ડની સામાન્ય સભા બોલાવવામાં આવેલ છે. જેમાં ચાર સમિતિની ચૂંટણી થવાની હતી. આ ચૂંટણીમાં ૨૬ ચૂંટાયેલા સભ્યો, ૮ જુદી જુદી યુનિવર્સિટીના સભ્યો, ૫ ધારાસભ્યો, ૩ સરકાર નિયુક્ત સભ્યો અને ૧૬ વર્ગ-૧ના અધિકારીઓ મળી કુલ ૫૮ જેટલા સભ્યો મતદાનનો અધિકારી ધરાવે છે. હવે આવતીકાલે યોજાનારા શિક્ષણ બોર્ડની સામાન્ય સભા ઉપર શિક્ષણ જગતની મીટ મંડાયેલી છે.

# શિક્ષણ મંત્રીની આચાર્ય સંઘની સાથે આજે બેઠક

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યની કોલેજોના આચાર્યો, પ્રાધ્યાપકો અને સ્કૂલોના શિક્ષકોના લાંબા સમયથી પડતર પ્રશ્નોના મુદ્દે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવતીકાલે અલગ અલગ ત્રણ બેઠકો ગાંધીનગર ખાતે બોલાવી છે જેમાં રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોના આચાર્યો, પ્રાધ્યાપકો અને સ્કૂલોના શિક્ષકો મોટી સંખ્યામાં હાજરી આપે તેવી શક્યતા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યની વિવિધ કોલેજોમાં સ્ટાફની અછત, શિક્ષકો અધ્યાપકોના મહેનતાણા, ફાજલ શિક્ષકોને રક્ષણ સહિતના મુદ્દાઓને લઈને અનેક રજૂઆતો પડતર છે. ત્યારે લાંબા સમયથી પડતર પ્રશ્નોની ચર્ચા માટે રાજ્ય સરકારના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવતીકાલે રાજ્યની કોલેજોના આચાર્યો, પ્રાધ્યાપકો અને સ્કૂલોના શિક્ષકોની અલગ અલગ ત્રણ બેઠકો ગાંધીનગર ખાતે બોલાવી છે. જેમાં ગુજરાત રાજ્ય સરકારી, ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાયનાન્સ કોલેજોના આચાર્યસંઘ સાથે બપોરે ૩થી ૪.૩૦ સુધી બેઠક રાખવામાં આવી છે. જ્યારે ગુજરાત રાજ્યના શૈક્ષણિક સંઘના પાંચ મંડળો સાથે બપોરે ૪.૩૦થી ૫.૩૦ સુધી બેઠક રાખવામાં આવી છે જેમાં ફાજલ શિક્ષકોને રક્ષણ સહિતના મુદ્દા ચર્ચા વિચારણા કરાશે તેમજ છેલ્લે ૫.૩૦થી ૬.૧૫ સુધી પ્રાથમિક શૈક્ષણિક સંઘ સાથે બેઠક રાખવામાં આવી છે જેમાં બદલી, ફાજલને રક્ષણ સહિતના પ્રશ્નોની ચર્ચા કરાશે.



સ્વાગત ઓનલાઈન : મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગુરુવારે બપોર બાદ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ સંદર્ભે અરજદારોની ફરિયાદો સાંભળી યોગ્ય નિકાલની સૂચનાઓ આપી હતી.

# એમ કોમમાં પ્રવેશથી વંચિત માટે બેઠક વધારવા માંગણી

### જુલાઈ મહિનો પરિપૂર્ણ થવા આવ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા જારી

અમદાવાદ, તા. ૨૩

જુલાઈ મહીનો પૂર્ણ થવા આવ્યો હોવા છતાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા હજી પણ ચાલી રહી છે. ત્યારે એમ કોમમાં ૩૦૦૦ બેઠકો સામે પ્રવેશ માટે ૬૭૦૦થી વધુ ફોર્મ ભરાતા ૩૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલ પ્રવેશ પ્રક્રિયા અતર્ગત તાજેતરમાં એમ કોમના અભ્યાસક્રમ માટે પ્રવેશ માટે ૩૦૦૦ ઉમેદવારોનું મેરીટ લિસ્ટ બહાર પાડવામાં આવ્યું છે. જો કે યુનિવર્સિટીની ૩૦૦૦ બેઠકો સામે અમદાવાદ જિલ્લામાં કુલ ૬૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ એમકોમમાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા હતા. જેનાં કારણે ૩૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશથી વંચિત રહેવુ પડે તેવી સ્થિતી સર્જાવવા પામી છે. અમદાવાદ શહેર અને જિલ્લામાં એમકોમનો અભ્યાસક્રમ ચલાવતી ૧૬ જેટલી કોલેજો આવેલી છે.

આ તમામ કોલેજોમાં અત્યારે માત્ર એક જ ડીવીઝન ચાલતો હોવાથી પ્રવેશ માટે માત્ર ૩૦૦૦ બેઠકો ઉપલબ્ધ છે ત્યારે હવે પ્રવેશથી વંચિત રહેલા વિદ્યાર્થીઓ માટે બેઠકો વધારવા વિદ્યાર્થી સંગઠનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. જો કે વિવિધ કોલેજોમાં અધ્યાપકો સહીતનાં શૈક્ષણીક અને બિન શૈક્ષણિક સ્ટાફની અછતની સ્થિતીમાં ગુજરાત યુનિવર્સિટી ઈચ્છવા છતાં પણ બેઠકો વધારવાનું જોખમ ખેડી શકે તેમ નથી. ત્યારે આ અંગે એનએસયુઆઈના નેશનલ ડેલીગેટ વિશ્વનાથસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, અત્યારે જે કોલેજોમાં એમકોમનો અભ્યાસક્રમ ભણાવાય છે તે દરેક કોલેજોમાં ૧૨૫ બેઠકો ધરાવતુ એખ વધારાનું ડિવિઝન શરૂ કરવામાં આવે તો પ્રવેશની સમસ્યા હળવી થઈ શકે તેમ છે. જ્યારે સામે પક્ષે ઓલ ઈન્ડિયા આચાર્ય મહામંડળના પ્રમુખ સુભાષ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાનો અમલ કરાતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા સરળ બની ગઈ છે. પરંતુ અધ્યાપકોની ભરતી થતી નથી. અત્યારે મોટાભાગની કોલેજો અધ્યાપકોની મદદથી પોતાનું કામ ચલાવી રહી છે. જેમનો ખર્ચો કોલેજ મેનેજમેન્ટે ઉઠાવવો પડે છે. જેથી બેઠકોમાં વધારો કરવો સરળ નથી.

## પ્રેરણા પ્રગતિ મંડળ રાહતદરે ચોપડા વિતરણ કરશે

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા લિમ્બચધામ સેક્ટર-૧૩ ગાંધીનગર ખાતે નાયી, વાળંદ લિમ્બાચીયા સમાજના વિદ્યાર્થીઓને ચોપડા દીઠ રૂ. ૧૦ના રાહત ભાવથી ચોપડાનું વિતરણ તા. ૨૬ જુલાઈથી ૨૬ ઓગષ્ટ એક મહિના દરમ્યાન સવારે ૯ થી ૧૨ સુધી તેમજ સાંજે ૪.૦૦ થી ૭ કલાક સુધી અને અન્ય દિવસે સાંજે ૫.૩૦ થી ૭ કલાક જથ્થો હશે ત્યાં સુધી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે. માર્કશીટ નકલ સાથે લઈ આવનારને રાહતદરના ચોપડા વિતરણ કરવામાં આવશે. સભ્ય દ્વારા પરિવાર પરિચયનું ફોર્મ સંસ્થાને આપ્યુ ન હોય તેઓએ ફોર્મ પણ સાથે લાવવા વિનંતી છે.

## ચક્ષુદાન લેવાયુ

અમદાવાદ સોલા સ્થિત સુધાબેન નવનીતલાલ મહેતા (જૈન) ઉ.વ. ૭૩નું અવસાન ગઈકાલે બુધવારે થયું છે. તેમના કુટુંબીજનની કૌશિકકુમાર કોઠારીની સહમતીથી સ્વર્ગસ્થાન ચક્ષુઓનું દાન જુસિકા દ્વારા લેવામાં આવ્યું છે.

# પ્રદેશ કોંગ્રેસની આવતીકાલે કારોબારી બેઠક

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી નવસર્જનની બેઠક વડોદરામાં અરણ્યા ફાર્મ હાઉસ ખાતે ૨૫મીએ સવારે યોજાશે. પ્રથમ વખત યોજાઈ રહેલી વિસ્તૃત કારોબારી અંગે માહિતી આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ મૌલિન વૈષ્ણવે જણાવ્યું હતું કે, નવસર્જન ગુજરાત વિસ્તૃત કારોબારી સવારે ૧૦-૦૦ કલાકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના હસ્તે ધ્વજવંદનથી પ્રારંભ થશે. કોંગ્રેસ વિસ્તૃત કારોબારીની પ્રથમ બેઠકમાં કારોબારીના સભ્યો સાથે જિલ્લા-શહેરના પ્રમુખઓ, પ્રદેશ ડેલીગેટ, એ આઈ સી સીના ડેલીગેટ, પ્રદેશ પદાધિકારીઓ તેમજ વિવિધ સેલના વડાઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. નવસર્જન ગુજરાત વિસ્તૃત કારોબારીમાં કોગ્રેસ પક્ષના અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદભાઈ પટેલ, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી અનેપ્રભારી ગુરૂદાસ કામતજી, ગુજરાત પ્રદેશ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી માર્ગ દર્શન આપશે.

# રાજ્યમાં વરસાદી માહોલ અકબંધ : વ્યારામાં છ ઈંચ

### રાજ્યના કુલ ૧૦૦ તાલુકામાં નોંધનીય વરસાદ : દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં પણ વરસાદથી ખુશીનું મોજુ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી હવે જારી ન થતાં તંત્રને રાહત થઈ છે પરંતુ બીજી બાજુ ઓછા વરસાદને લઈને ચિંતા પણ દેખાઈ રહી છે. ગુજરાતમાં વરસાદી ઝાપટાનો દોર આજે પણ જારી રહ્યો હતો. દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં એકથી ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે જ્યારે કચ્છમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. કચ્છના ખાવડામાં છ ઈંચ વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન તાપી જિલ્લાના વ્યારામાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ભરુચ જિલ્લાના તાલુકાઓમાં સારો વરસાદ પડ્યો છે. સુરત જિલ્લાના તાલુકાઓમાં પણ વરસાદ થયો છે. વલસાડ જિલ્લાના તાલુકાઓમાં પણ સારો વરસાદ થયો છે. નવસારી જિલ્લામાં પણ સારો વરસાદ થયો છે. ઉકાઈ ડેમની જળ સપાટી આજે ૨૯૮.૨૭ ફુટે પહોંચી હતી. દ્વારકા વેરાવળમાં પણ વરસાદ પડ્યો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર સતત હળવો વરસાદ પડી રહ્યો છે. સૌરાષ્ટ્રના અન્યત્ર જિલ્લામાં વિરામ રહ્યો છે.

વેરાવળમાં પાંચ અને દ્વારકામાં ચાર ઈંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધપાત્ર વરસાદ થયો છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન ધોલેરા અને રાજકોટ તાલુકામાં ૭૩ મી.મી દ્વારકામાં ૯૧ મી.મી. ઉમરાળામાં ૭૬ મી.મી. તીલકવાડામાં ૭૩ મી.મી, સોનગઢમાં ૯૧ મી.મી, વાલોડમાં ૭૩ મી.મી વડીયામાં ૮૭ મી.મી મળી કુલ ૮ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત કડીમાં ૬૫ મી.મી, ઉંઝામાં ૫૦ મી.મી કરજણમાં ૬૫ મી મી, લખતરમાં ૬૭ મી.મી, લીમડીમાં ૪૮ મી.મી જામકંડોરણામાં ૫૭ મી.મી કલ્યાણપુરમાં ૬૫ મી.મી. ખંભાળીયામાં ૫૫ મી.મી, અમરેલીમાં ૫૦ મી.મી, લાઠી અને લીલીયામાં ૫૨ મી.મી., બરવાળામાં ૫૫ મી મી જંબુસરમાં ૬૦ મી મી, ગણદેવીમાં ૬૦ મી.મી, જલાલપોરમાં ૫૮ મી મી, વલસાડમાં ૭૨ મી મી અને સુબીરમાં ૫૯ મી મી મળી કુલ ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજયના અબડાસા, માંડવી, મુંદ્રા, પાટણ, સરસ્વતી, મહેસાણા, સતલાસણા, વિજાપુર, તલોદ, વીરમગામ, મહેમદાવાદ, મહુવા, ડભોઈ, ધાંગધ્રા, ધોરાજી, જેતપુર, હળવદ, માળિયા-મીયાણા, મોરબી, જામજોધપુર, કાલાવડ, ખંભાળીયા, વાસંદા અને વઘઈ વળી કુલ ૩૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અન્ય ૪૧ તાલુકાઓમાં અડધા ઈંચથી વધુ પાણી પડ્યુ હોવાના અહેવાલો છે. દરમિયાન આજે અમદાવાદમાં વરસાદમાં બ્રેક રહ્યો હતો. વાદળછાયુ વાતાવરણ આંશિકરીતે જોવા મળ્યું હતું. વરસાદી છાંટા પણ કેટલીક જગ્યાએ પડ્યા હતા પરંતુ અપેક્ષા મુજબ વરસાદ પડ્યો ન હતો. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૩૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

## કંપની સમાચાર

### સાયકલ પ્યોર અગરબત્તીઝ ગુજરાતમાં પોતાની ઉપસ્થિતિ મજબૂત બનાવશે

વિશ્વમાં ઈન્સેન્સ સ્ટિકના ઉત્પાદનની દૃષ્ટિએ સૌથી મોટી કંપની સાયકલ પ્યોર અગરબત્તીઝે ગુજરાત રાજ્યમાં પોતાના વિકાસની આક્રમક યોજના જાહેર કરી છે. વિસ્તરણની વ્યૂહરચનાના ભાગરૂપે, સાયકલ પ્યોર અગરબત્તીઝ આવનારા ૬-૭ મહિનામાં રાજ્યમાં પોતાની પૂરવઠા શૃંખલા વિસ્તારીને આશરે ૨૬,૦૦૦ રિટેલ આઉટલેટ્સમાં ઉપસ્થિત મેળવવાની યોજના ધરાવે છે. કંપનીએ પોતાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શ્રી અમિતાભ બચ્ચનને પણ સાઈન કર્યા છે. આ બ્રાન્ડનો આ સૌપ્રથમ સહયોગ છે, જેમાં બોલિવૂડના મહાનાયક રાષ્ટ્રીય સ્તરે તથા આ પ્રદેશમાં વિવિધ પ્લેટફોર્મ્સમાં નવી બ્રાન્ડ પોઝિશનિંગ 'પ્રાર્થના કી શુધ્ધતા'ને સમર્થન આપતા જોવા મળશે.

આ પ્રસંગે સાયકલ પ્યોર અગરબત્તીઝ દ્વારા તેની લિયા અગરબત્તીઝની નવી રેન્જની રજૂઆત પણ કરવામાં આવી હતી. સંપૂર્ણપણે કંપની દ્વારા બનાવવામાં આવેલ તથા બ્લેન્ડ કરાયેલા આ નવા કલેક્શનમાં છ અલગ અલગ સુગંધનો સમાવેશ થાય છે, જેમાં લિયા ક્રીમી, લિયા લવેન્ડર્ઝ, લિયા ક્રિટિક ટેન્ગો, લિયા લિલિયમ, લિયા ફ્લોરેસ અને લિયા એપ્પલનો સમાવેશ થાય છે.

વિસ્તરણની યોજના અંગે સ્પષ્ટતા કરતા સાયકલ પ્યોર અગરબત્તીઝના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અર્જુન રંગાએ જણાવ્યું હતું કે, 'સાયકલ પ્યોર અગરબત્તીઝમાં અમે ગ્રાહકોને ઊંચી ગુણવત્તા ધરાવતી પ્રોડક્ટસ અને રોમાચંક ફ્રેગરન્સિઝની પસંદગીની એક વિસ્તૃત શ્રેણી પુરી પાડીને ગ્રાહકોને ઈષ્ટતમ સંતોષ મળે એ સુનિશ્ચિત કરવાનો સતત પ્રયાસ કરીએ છીએ. રાજ્યના ખૂણે ખૂણામાં અમારી ઉપસ્થિતિ વધારવાથી અમને કોન્સોલિડેશનમાં તથા બજારમાં અમારી ઉપસ્થિતિ વિસ્તારવામાં મદદ મળશે. અમે વર્ષ ૨૦૧૫-૧૬માં ૩૫ ટકાની વૃદ્ધિ હાંસલ કરવાની યોજના ધરાવી રહ્યાં છીએ.

### મોબાઈલ મારફત હોટલ બુકીંગમાં વાર્ષિક ૫૬૪ ટકાના દરે વૃદ્ધિ અને એર બુકીંગમાં વાર્ષિક ૧૯૭ ટકાના દરે વધારો

દેશના શ્રેષ્ઠ વ્યાપારી કુનેહ ધરાવતા અમદાવાદમાં હવે પ્રવાસ આયોજન આંગળીના ટેરવે આગળ વધી રહ્યું છે. ફ્લાઈટ, હોટલ અને રેલવે બુકીંગ માટેના ભારતના મોખરાના, સરળ અને આકર્ષક ટ્રાવેલ પોર્ટલ ક્લિયરટ્રીપ દ્વારા બહાર પાડવામાં આવેલી માહિતી મુજબ અમદાવાદમાંથી ક્લિયરટ્રીપ મોબાઈલ ઉપર કરાયેલ હોટલ બુકીંગમાં વાર્ષિક ૫૬૪ ટકાના દરે વૃદ્ધિ જોવા મળી છે. એજ રીતે એર બુકિંગમાં વાર્ષિક ૧૯૭ ટકાનો વધારો નોંધાયો છે.

ક્લિયરટ્રીપના ચીફ રેવન્યુ ઓફિસર શ્રી અમિત તનેજા જણાવે છે કે 'અમદાવાદ ઝડપભેર પ્રવાસનું આયોજન કરવા માટે જાણીતુ છે. ક્લિયરટ્રીપ ખાતે અમને જણાયું છે કે મોબાઈલ ડિવાઈસીસ દ્વારા કરાતા બુકીંગમાં અસામાન્ય વધારો થયો છે. અમદાવાદની મોબાઈલ ટ્રાવેલ બિહેવીયર અંગેની અમારી જાણકારી મુજબ અમદાવાદથી ૬૪ ટકા બુકીંગ મોબાઈલ ડિવાઈસ મારફતે કરવામાં આવે છે. અમદાવાદમાં હોટલો માટે થતાં બુકીંગ, દેશમાં થતાં આ પ્રકારનાં સૌથી વધુ બુકીંગમાં સ્થાન પામે છે.